# 'બીજી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ'



**સ્વ. જનાર્દનભાઈ નવનીતરાય મારૂ**

સ્વર્ગવાસ – તા. ૨૦–૧૦–૨૦૧૨

અમે સર્વ તમને અશ્રુભીની આંખે શ્રધ્ધાંજલિ આપીએ છીએ...

જેમ ચંદન જાતે ઘસાઇને અન્યને સુગંધ આપે તેમ આપે બાળપણથી અંત સુધી પરિશ્રમ કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા.

આપનો નિ:સ્વાર્થ સ્વભાવ નિડરતા પ્રમાણિકતા અને વ્યવહારીક સમજનો વારસો અમારા માટે માર્ગદર્શક બની રહેશે.

આપની કુટુંબ પ્રત્યેની મિલનસાર અને ઉદાર ભાવના સદાય યાદ રહેશે.

પલ્લવી જનાર્દન મારૂ

મલય જનાર્દન મારૂ — મિતલ મલય મારૂ

વૈશાલી કુંતલ દેસાઈ — કુંતલ ડી દેસાઈ

આશના મલય મારૂ — માનુષ કુંતલ દેસાઈ

તથા

મારૂ પરિવાર

## દૈવજ્ઞ નાણાવટી – વિદેશ ગમન



જામનગર નિવાસી શ્રી રમેશચન્દ્ર ભુજંગીલાલ નાણાવટી તથા શ્રીમતી નયનાબેન નાણાવટીના પુત્ર દૈવજ્ઞ નાણાવટી (મોન્ટુ) આઈ.ટી. એમએન કંપની વડોદરાથી કોપનહેગન –ડેનમાર્ક– ખાતે સિનિયર સોફટવેર એન્જિનીયર તથા ટીમ મેનેજર તરીકે નિમણુંક મળતાં જોડાયા.

## ભૂમિત પ્રદિપ માંકડ – વિદેશ ગમન



રાજકોટના સ્વ. મહેન્દ્રરાય દેવીપ્રસાદ માંકડ(બીઓઆઇ)ના પૌત્ર તે પ્રદિપભાઇ માંકડ ના પુત્ર ભુમિત સી.એ.,સીપીએ.(ઓસ્ટ્રેલીયા)પીજીડીબીએ. –ફાઇ.(સીમબાયોસીસ–પૂના)મેલબોર્ન ઓસ્ટ્રેલીયા જવા રવાના થયા.

## કર્મ ઓઝા – બી.ઇ. (ઇસી)



કર્મ ઓઝા (જૂનાગઢ સ્થિત વિપુલ જયેન્દ્રભાઈ ઓઝા અને શ્રીમતી મીનાબેન વિ. ઓઝાના પુત્ર)એ જીટીયુ દ્વારા લેવામાં આવેલ એન્જિનીયરીંગ (ઈ.સી.)ના અંતિમ સેમેસ્ટરમાં ૯૮% મેળવી જીટીયુમાં દ્વિતીય ક્રમાંક તથા નોબલ એન્જીનીયરીંગ કોલેજ જુનાગઢમાં પણ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

## ટ્રાન્સલેશન, ટ્રાન્સલિટરેશનના ક્ષેત્રે સફળતા મેળવતાં શિલ્પા મનીષ બક્ષી



અમિતાભ બચ્ચનની ન્યુટ્રીગેનની ગુજરાતીમાં આવતી જાહેરાતે વડોદરાનાં શિલ્પા મનીષ બક્ષી (અમદાવાદ સ્થિત ડો. યોગેશભાઈ હાથી, સૌ. વીણાબેન હાથીનાં પુત્રી)ને અનુવાદ ક્ષેત્રમાં જાણીતાં કરી દીધાં છે. અમદાવાદમાં બી.એસ.સી. કોમ્પ્યુટર સાયન્સ તથા બી.એડ. પુરૂ કર્યા બાદ લગ્ન થતાં વડોદરા ખાતે બરોડા સ્કૂલથી કારકિર્દી શરૂ કરી પણ ત્યાંનું વાતાવરણ અનુકુળ ન આવતાં અનુવાદ તથા ટ્રાન્સલિટરેશન ક્ષેત્રમાં ઝંપલાવ્યું. આજે રાષ્ટ્રીય કક્ષાએથી અનુવાદના કામની ઓફર આવે છે. અંગ્રેજીથી ગુજરાતી અને હિન્દીમાં તેમજ ગુજરાતી અને હિન્દીથી અંગ્રેજીમાં અનુવાદનું કામ કરી રહયાં છે. રાષ્ટ્રીય કક્ષાના મેગેઝીનોના ૫૦ થી ૬૦ લેખોનું ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. તેઓ C-LINE Services થી સેવા આપે છે.

## સમસ્ત ગુજરાત નાગર પરિષદ, અમદાવાદ

પ્રતિ વર્ષ મુજબ સંસ્થા દ્વારા અમદાવાદ ખાતે 'જીવનસાથી પસંદગી સંમેલન'નું આયોજન તા. ૪-૧-૨૦૧૪ના રોજ કરવામાં આવનાર છે. જેની રજી. ફી રૂા. ૨૫૦/- રાખવામાં આવેલ છે. લગ્નઇચ્છુકોએ પસંદગી મેળામાં જોડાવા માટે પોતાના ગામના નિમાયેલ પ્રતિનિધી પાસેથી અથવા શ્રી નરેશ રાજા(૪૫૮ જેઠાભાઇની પોળ, ખાડિયા, અમદાવાદ-૧ ફોન : ૦૭૯- ૨૨૧૪૦૬૮૮) પાસેથી ફોર્મ મેળવી તા. ૨૦-૧૨-૧૪ સુધીમાં ભરીને પરત મોકલી આપવાના રહેશે. વધુ માહિતી માટે ઉક્ત ફોનનં. ઉપર સંપર્ક કરશો.

# લગ્ન વિષયક જાહેરાત

(નોંધ લેશો : કાગળ,પેન તૈયાર કરી કાર્યાલયના ફોન નં. ૨૪૫૩૦૬૩ ઉપર (શકય હોય ત્યાં સુધી ૧૧થી ૧ વચ્ચે) ફોન કરવાથી જે તે ક્રમ નંબરના ફોનનં. આપવામાં  આવે છે ત્યારબાદ આપે સીધો સંપર્ક કરવાનો રહે છે. અન્ય કોઇને માહિતી માટે ફોન કરવાનું કહો ત્યારે ક્રમ નં. ખાસ લખાવશો,જેથી સમય ખર્ચનો વ્યય ન થાય. – તંત્રી)



(૧) બી.ઇ. (આઇટી), જ. ૧૧/૧૯૮૭, ઉ. ૫'.૭" સોફટવેર કંપનીમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૨) ડીપ્લોમા નેટવર્કીંગ, એમ.એસસી.(આઇટી), સીસીએમપી., જ. ૧/૧૯૮૫, ઉં. ૫'.૭" રીલાયન્સમાં ખાવડી ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-મો.

(૩) બી.ઈ.(ઈલેકટ્રીકલ), ૬/૧૯૮૭ ઉ. ૫'૮" જામનગર રિલાયન્સ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા વડનગરા નાગર યુવકને માટે સંપર્કઃ- ૦૨૬૫ -મો .

(૪) બી.કોમ., ડીસીએસ.,એલએલબી, ૩/૧૯૮૬ કો. ઓ. બેંકમાં નોકરી કરતા યુવકને કન્યા.મો.

(૫) બી.એ.,એવીએશન હોસ્પિટાલીટી, ૯/૧૯૮૨, ઉં. ૫'.૧૧" રીલાયન્સ ખાવડી ખાતે નોકરી કરતા યુવકને (સાદો મંગળ) યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮-મો.

(૬) ડીપ્લોમા એકાઉન્ટસ, ૮/૧૯૮૬, ઉં. ૫'.૩" પ્રા. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

(૬) એમ.બી.એ., જ. ૧૯૮૮, ઉં. ૫'.૮" અમદાવાદ ખાતે એફએમ. ચેનલમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૭) એફ.વાય.બીબીએ.,સ્વતંત્ર વ્યવસાય કરતા, જ. ૮/૧૯૮૪, ઉં. ૫'.૭"યુવકને કન્યા. : મો.

(૮) બી.કોમ., જ. ૫/૧૯૮૭, ઉં. ૫'.૮" ફીયાટ  લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-



(૯) એમ.કોમ., જ. ૭/૧૯૯૦, ઉં. ૫'.૨" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૩૨-

(૧૦) એમ.સી.એ., જ. ૮/૧૯૯૦, ઉં. ૫'.૪" કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૧૧) બી.કોમ. ૧૨/૧૯૮૨ ઉ ,૪'.૯" કન્યાને યુવક. સંપર્કઃ- ૦૨૨- મો.

(૧૨) એમ.એ.,એલએલ.બી., ૧/૧૯૭૫, ઉં. ૫', વિસનગરા નાગર કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૫-

(૧૩) બી.કોમ., એમબીએ.(એચઆર)(ચાલુ) જ. ૭/૧૯૮૯, તાતા કન્સલટન્સીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૫-

(૧૩) બી.ઇ.(ઇસી) ૭/૧૯૮૬, ઉંચાઇ ૫'.૫" ઇન્ફોસીસ-પૂના,  ૨ વર્ષથી ડેપ્યુટેશન પર યુએસએ. ખાતે ફરજ બજાવતા, જાન્યુઆરી-૧૫માં ભારત આવતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-૨૩૩૭૨૭૦ જગદીશ ભાઇ માંકડ

# સમાચાર સંચય

⌖ જામનગર :– જ્ઞાતિના બહેનો દ્વારા ગવાતા બેઠા ગરબામાં અ.ભા. નાગર પરિષદ દ્વારા બે દિવસ અલગ અલગ હરિફાઈઓનું આયોજન થયેલું જેમકે વસ્ત્ર પરિધાન, પારંપારિક વસ્ત્ર પરિધાન આરતી શણગાર, ગરબા શણગાર, બાળકો માટે પણ તેમજ રોજ માનો એક સૂરીલો ગરબો પસંદ કરી તમામ વિજેતાઓને અને બાળકોને પરિષદ તરફથી ઈનામ વિતરણ કરવામાં આવેલ.

⌖ અત્રેના હસિત હરીકાંતભાઈ અવાશીયાએ અખિલ ભારતીય પરિભ્રમણ સંસ્થા જામનગર શાખા આયોજિત જિલ્લા કક્ષાની નેચર,પક્ષી, સ્તનધારી પ્રાણી કેટેગરીની ફોટોગ્રાફીની ઓપન સ્પર્ધામાં ભાગ લઈ ત્રીજું ઈનામ પ્રાપ્ત કર્યું. ફોટોગ્રાફીના શોખીન હસીતભાઈએ સાસણ ગિર, જામનગર, મુંબઈ વિગેરે સ્થળોએ વાઈલ્ડ લાઈફની જીવંત ફોટોગ્રાફી કરેલ છે. ચિત્રકલામાં નિપૂણ તેમનાં પુત્રી ચિ. ત્વિષાએ પણ જામનગરની જ્ઞાતિની દિવાળી ગ્રીટીંગ્સ કાર્ડ પેઈંટીંગની સ્પર્ધામાં પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યુ છે. આ ઉપરાંત અનાલા ગૃપ અમદાવાદ મારફત ઋષિકેશ પાસે આવેલ દયાલગઢ ખાતે ટ્રેકીંગમાં તેમજ અલકનંદા નદીમાં તરવામાં ભાગ લઈ આવેલ છે. શ્રીમતી લહેરીબેન (જૂનાગઢના બરછી પ્રતિનિધી વિમલભાઇ વોરાનાં પુત્રી) પણ પોસ્ટરો–ચિત્રો બનાવી પ્રદર્શિત કરે છે.

⌖ અત્રેના પ્રતિષ્ઠિત એપલ ગૃપ તથા પ્રગતિ પાર્ક ગૃપ આયોજિત નવરાત્રી મહોત્સવમાં યેષા સોહમ માંકડે નિર્ણાયક તરીકે સેવા આપી. અગાઉ રાજકોટ ખાતે કંકણ ગરબા વૃન્દમાં પોતાની કલાના ઓજસ પાથરેલ.

⌖ શ્રી નાગર સોશ્યલ ગૃપ મેડીકલ એઈડ ટ્રસ્ટ તરફથી તેના સિનિયર સીટીઝન–દાતા સભ્યો માટે તા. ૮–૧૧–૨૦૧૪ થી તા. ૧૧–૧૧–૨૦૧૪ સુધી હેલ્થ ચેક અપ અને લેબોરેટરી ટેસ્ટના કેમ્પનુંઆયોજન કરવામાં આવેલ. કેમ્પનો શુભારંભ ડો. શ્રીમતી અર્ચનાબેન કેયુરભાઈ બક્ષી, ડો. શ્રી કેયુરભાઈ બક્ષી, ડો. વીરેન્દ્રભાઈ બુચ , ડો. સુધાકરભાઈ હાથી તથા વડીલ શ્રી જનુભાઈ બક્ષીના હસ્તે દીપપ્રાગટય કરી કરવામાં આવેલ. કેમ્પમાંકુલ ૯૪ સભ્યો–દાતાઓએ લાભ લઈ નિદાન કરાવેલ. આ કેમ્પનો સંપૂર્ણ ખર્ચ ડો. શ્રી કેયુરભાઈ બક્ષી તરફથી તેમના માતુશ્રી સ્વ. રેખાબેન ના સ્મરાણર્થે આપી તેઓએ જ્ઞાતિસેવાનું ઉમદા કાર્ય કર્યું.

⌖ વ.નાગર જ્ઞાતિ તરફથી હાટકેશ મંદિરના હોલમાં સમૂહ નવરાત્રિ સ્થાપન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય યજમાન તરીકે શ્રી યોગેશ પોટા બેઠા હતા, જયારે માંકડના કુળદેવી જવાળામુખી માતાજીના સ્થાનક ખાતે સ્થાપનના યજમાન તરીકે શ્રી ઉપેન્દ્ર માંકડ બેઠા હતા. સાંજે ૫ થી ૬ અલગ અલગ ઘેર બહેનોના ગરબા થયા. શ્રી યદુનંદનભાઈ બુચ સંચાલિત હાટકેશ કુમારીકા મંડળની ગરબીમાં રાત્રે ૯:૩૦ થી ૧૧:૩૦ હાટકેશ્વર ખાતે નાની બાળાઓ ગરબે ઘુમી હતી.

⌖ માત્ર જામનગર ખાતે જ દર વર્ષે કારતક સુદ પૂનમ નિમિત્તે હાટકેશ્વરમાં ત્રિપુરાસૂરનું પૂતળું બનાવવવામાં આવે છે, અને મહાઆરતિ બાદ તેનું દહન કરવામાં આવે છે.આ વર્ષે પણ જ્ઞાતિજનોને તેનો લાભાનંદ મળ્યો.

⌖ વડોદરા :– એલ.આઈ.સી.ના ૫૯માં સ્થાપના દિને યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પૂર્વા મુકુલ વૈષ્ણવે (ઉ.વ.૯) શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત 'ચારણ કન્યા' કાવ્યને અભિનય સહ રજુ કરી પ્રથમ નંબર મેળવી પુરસ્કાર પ્રાપ્ત કર્યો.



⌖ જુનાગઢ :- ૧૨૦૦થી વધારે સભ્ય સંખ્યા ધરાવતા જુનાગઢ સિનિયર સીટીઝન્સ મંડળમાં સ્ત્રી નિકેતન સંસ્થા જુનાગઢના સભ્ય બહેનોએ કૃષ્ણની બાળલીલાનો એક સંગીતમય કાર્યક્રમ રજૂ કર્યો. જેમાં હાજર વડીલ સભ્યોને કૃષ્ણ ભગવાનની ગોકુળ થી મથુરા સુધીની માનસ યાત્રા કરાવી સૌને ભાવ વિભોર બનાવી દીધેલ. આ કાર્યક્રમમાં સિનિયર સિટીઝન્સ મંડળના સક્રીય ટ્રસ્ટી, બરછી પ્રતિનિધી શ્રી વિમલભાઈ વોરાએ વાસુદેવના નંદજીના પાત્ર દ્વારા હાજર રહેલા તમામ વ્રજવાસીને મંત્રમુગ્ધ કર્યા હતા. (ફોટામાં વૃંદ)

⌖ રમ્ય ભવદીપ ઓઝા( ૯ વર્ષ)ની વયે ગિરનાર આરોહણ અવરોહણ કર્યુ.

⌖ રાજકોટ :- આરાધના મંડળના પ્રમુખ શ્રીમતી રક્ષાબેન પ્રદીપભાઈ દેસાઈએ ગરબાની રમઝટ વચ્ચે પ્રસાદ અને સ્મૃતિચિન્હ આપીને પોતાની ષષ્ઠિપૂર્તિની ઉજવણી કરી.

⌖ અત્રેના વિસ્મય કિરીટભાઈ ઓઝાને બી.એસ.એન.એલ. કચેરીમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ 'વિશિષ્ટ સંચાર સેવા પદક' થી સન્માનિત કરવામાં આવ્યા. ચિ. વિસ્મય રાજકોટના સ્વ. હરસુખરાય ઓઝાના પૌત્ર તથા ભુજના ડોલરરાય અંજારિયાના દોહિત્ર થાય છે.

⌖ શ્રી હાટકેશ્વર પાટોત્સવ સમિતિ તરફથી તા. ૭-૭-૨૦૧૪ ના રોજ પારિતોષીક વિતરણ કાર્યક્રમમાં ધો. ૧૦ અને ધો ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓને સ્વ. અજીતલાલ ભુજંગીલાલ પારધી તથા સ્વ. વેદવતીબેન પારધી તરફથી તેમના પુત્ર શ્રી તેજસભાઈ કશ્યપ પરિવાર તરફથી ગોલ્ડ, સિલ્વર તથા બ્રોન્ઝ ના કુલ ૩૬ મેડલ આપવામાં આવ્યા હતા.

⌖ કુ. જન્મા ધીરેન્દ્ર વસાવડાએ કે.એસ.કણસાગરા કોલેજ તરફથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજિત યુવક મહોત્સવ-૨૦૧૪માં શાસ્ત્રીય નૃત્ય રજૂ કરી દ્વિતીય ક્રમ મેળવી પારિતોષીક તથા રોકડ પુરસ્કાર મેળવ્યાં.

⌖ શ્રીમતી નીતા વિરલ વસાવડાએ બાલભવન, યુવી કલબ અને મહાત્મા ગાંધી ચેરી. ટ્રસ્ટ આયોજિત ફ્રી સ્ટાઈલ રાસ ગરબા હરિફાઈમાં નિર્ણાયક તરીકે સેવા આપી.

⌖ હિન્દી દિવસ નિમિતે ઓપન રાજકોટ હિન્દી બેંકીંગ પ્રતિયોગીતામાં શ્રી દુર્ગેશ વૈષ્ણવ આઇઓબી દ્વારા આયોજિત સ્પર્ધામાં પ્રથમ તથા દેનાબેંક,એસબીઆઇ આયોજિત સ્પર્ધામાં તૃતીય સ્થાને વિજેતા બન્યા.

⌖ અમદાવાદ :- રાજકોટના અભિજીત અક્ષયકાન્ત વસાવડા કોટક મહેન્દ્ર બેંકમાં વાઈસ પ્રેસીડેન્ટ અને કલસ્ટર હેડ તરીકે જોડાયા.

⌖ રાજ સંજયભાઇ વસાવડા એમ.એસ.સી આઇ.ટીના છેલ્લા સેમેસ્ટરમાં ૭૮% સાથે ઉત્તીર્ણ થયા.

⌖ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસના રોજ તેજ દિવસે જેમના જન્મદિવસ હોય તેવી ૬૪ વ્યકિતઓને 'કચ્છ ટૂરિઝમ' તરફથી ડ્રો દ્વારા પસંદગી કરી કચ્છનો પ્રવાસ કરાવવામાં આવ્યો જેમાં દ્વિતીય એમબીબીએસમાં અભ્યાસ કરતા કથન જયેશ માંકડ પસંદ થતાં કચ્છના વિવિધ સ્થળોના પ્રવાસ કર્યો.

⌖ ભરૂચ :- નવરાત્રિ નિમિત્તે છેલ્લા ૨૨ વર્ષથી બેઠા ગરબાનું પરંપરાગત આયોજન કરવામાં આવે છે આ વર્ષે પણ અત્રેના જ્ઞાતિજનોના ઘેર ઘેર સૌએ સાથે મળી ગરબા સ્તુતિ દ્વારા માતાજીની ભકિત કરી.

⌖ જી.એન.એફ.સી. લેડિઝ કલબ દ્વારા પ્રતિ વર્ષ મુજબ યોજાયેલ 'ફરતા ગરબા સ્પર્ધા'માં ૩૦ વર્ષથી ઉપરની વયજૂથમાં શ્રીમતી યોષિતા સિતાંશુ શુકલ પ્રથમ વિજેતા થયાં.

આણંદ : અત્રેના શ્રી નાગર મંડળ દ્વારા નવરાત્રિ દરમ્યાન બેઠા ગરબાનું આયોજન સભ્યશ્રીઓના ઘેર ઘેર કરવામાં આવ્યું હતું અને દશેરાના કાર્યક્રમની ઉજવણી નિમિતે સાંજના ૬:૩૦ કલાકથી લાયન્સ હોલ, આણંદ ખાતે આયોજન કરવામાં આવેલ, જેમાં મુખ્ય મહેમાન તરીકેનું સ્થાન વિભાકરભાઈ ઘોડાએ શોભાવેલ. વર્ષ દરમ્યાન ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તેમજ જ્ઞાતિના જુદા જુદા ક્ષેત્રે વિશેષ સિધ્ધિઓ મેળવેલ બંધુઓનું બહુમાન કરવામાં આવેલ. શ્રી નિશીથભાઈ ભટ્ટ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીનીઓને સ્કોરલરશીપ એનાયત કરવામાં આવી હતી.

જૂનાગઢ : શ્રી જુનાગઢ વડનગરા નાગરી પરિવાર સંસ્થા દ્વારા પ્રણાલી મુજબ તા. ૭-૧૦-૨૦૧૪ ને મંગળવારના રોજ ઉમંગભેર શરદોત્સવની ઉજવણી કરવામાંઆવેલ. શ્રી અનંત ધર્માલય ખાતે ૨૦૦ સભ્યોની ઉત્સાહભેર ઉપસ્થિતિમાંઢળતી સંધ્યાએ ભાઈઓઅબહેનોએ એકાદ કલાકથી વધુ સંગીતની સૂરાવલિઓ વચ્ચે ફરતા ગરબાની રમઝટ બોલાવેલ અને બાદમાંદુધ-પૌવા, લાઈવ બટેટાવડા અને મિકસ ભજીયા સાથે શરદની ચાંદની મીઠી શિતળ ચાંદની માણીને આનંદભેર છુટા પડયા.

ઉકત સંસ્થા દ્વારા દર વર્ષની જેમ તા. ૩૧-૧૦-૨૦૧, ને શુક્રવારની સંધ્યાએ શ્રી અનંત ધર્માલય પરિસરમાં નૂતન વર્ષનું સ્નેહ મિલન સંસ્થાના પ્રમુખ શ્રી મેઘાવિન બુચના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયું. સંસ્થાના વરિષ્ઠ અને સક્રિય મુ. બહેનશ્રી શારદાબેન મિલાપરાય જોષીપુરા અને જ્ઞાતિના એકમાત્ર મહાનગરના કાઉન્સીલર શ્રીમતી આદ્યશકિતબેન  અપૂર્વભાઈ મજમુદારે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્બોધન કરેલ. સંસ્થાના સભ્યશ્રીઓએ જૂના ફિલ્મી ગીતો તથા ગુજરાતી સુગમ સંગીતની આહ્લાદક રજુઆત કરી હતી. વિવિધ પ્રકારના ફટાકડા સંસ્થા તરફથી બાળકોને આપવામાં આવેલ. જેના દ્વારા બાળકોએ આનંદમય વાતાવરણ ખડું કરેલ. શ્રી જયેન્દ્રભાઈ વૈષ્ણવે આભારદર્શન કર્યા બાદ અંતમાં લાઈવ પુરી શાક સાથે ડ્રાયફ્રુટ મીઠી બુંદીને માન આપી આશરે ૨૦૦ થી વધુ સભ્યો વિખરાયા હતા.

પોરબંદર : શરદપૂનમની રઢિયાળી રાતે ડી.જે. ઉપર જ્ઞાતિજનોએ ગરબાની રમઝટ બોલાવી.
નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સમર્પણ સંસ્થા દ્વારા શૈક્ષણિક પારિતોષીકોનું તેમજ રંગોળી હરિફાઇના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

---

## અનંતના યાત્રીઓને શ્રધ્ધાસુમન :

અમદાવાદ : સર્વશ્રી સુમન્તરાય રામશંકર દેસાઇ, બકુલબેન ધીમંતરાય (હાટકેશ વ્યા.સંઘના સભ્ય) બુચ, પુષ્પાબેન અરવિંદરાય બુચ, નિર્મળાબેન નરેન્દ્રરાય જીકાર, ભાસ્કરરાય રંજનરાય છાયા, શ્રીમતી ધર્મિષ્ઠા મહેશચન્દ્ર છાયા-૭૫ વર્ષ, સિધ્ધેશ્વરીબેન ગીરિશભાઇ છાયા, જ્યોત્સનાબેન ભાસ્કરરાય છાયા, મંજરીબેન મુકુલભાઇ માંકડ,રમણબાળાબેન જશવંતરાય વૈશ્નવ-૭૯ વર્ષ. વડોદરા : પ્રિયવદનભાઇ કમળાશંકર દેસાઈ-૮૯ વર્ષ, રાજેન્દ્રભાઇ જનકરાય નાણાવટી-૬૩ વર્ષ, અમર અનીલકુમાર વૈશ્નવ-૪૦ વર્ષ, મૃણાલિનીબેન વીપિનચંદ્ર જીકાર. રાજકોટ : હરિહરભાઇ પ્રતાપરાય ઝાલા-૯૯ વર્ષ, હરેશભાઇ માર્કન્ડરાય ત્રિવેદી-૬૪ વર્ષ, હર્ષદભાઇ અનંતરાય માંકડ. જૂનાગઢ : ધવલ ચિત્તરંજનભાઇ વૈશ્નવ-૫૧ વર્ષ, શ્રીમતી જયશ્રીબેન બીપીનભાઇ વસાવડા, હર્ષિતભાઇ કરણલાલ વૈદ્ય. જામનગર : શ્રીમતી રેખાબેન જીતેન્દ્ર બક્ષી -૭૮ વર્ષ , જયકુમાર જે. માંકડ ૮૫ વર્ષ, સુરેન્દ્રભાઇ ચુનીલાલ વત્સરાજ-૮૭ વર્ષ. ભુજ : કેશવકાન્ત જયંતીલાલ વોરા-૯૨ વર્ષ,રાધાકાન્તભાઇ રમાકાન્તભાઇ વોરા-૮૮ વર્ષ, મનીષ કાન્તીલાલ માંકડ.--દિવ્યલતાબેન (દીવુબેન) નવીનચન્દ્ર દેસાઈ -૮૦ વર્ષ- ધુવારણ, માંગરોળનાં નિર્મળાબેન (નીમુબેન)જયેન્દ્રલાલ વોરા-૯૪ વર્ષ-અમરેલી, ડો. પંકજભાઇ રામભાઇ બક્ષી-ભરૂચ નયનાબેન ઉષાકાંત ભાઇ અંતાણી- મુંબઇ, રસિકભાઇ દુલેરાય ધોળકિયા-અંજાર, પ્રિયવંદનાબેન રમાકાન્ત ધોળકિયા - ૮૦ વર્ષ-ગાંધીધામ ખાતે અવસાન.

## સગપણ સગાઈ :–

➲ – રાજકોટ સ્થિત સ્નેહલ બાલેન્દુ મહેતાનું સગપણ જુનાગઢ સ્થિત ભાવાર્થ અનીલભાઈ અવાશિયા સાથે.

➲ – રાજકોટના રશેષભાઈ માર્કન્ડરાય વસાવડાના પુત્ર ચિન્મયનું સગપણ જુનાગઢ નિવાસી રાજેશભાઈ છાયાના પુત્રી મિતાલી સાથે.

➲ – જુનાગઢ સ્થિત હર્ષિત મનુભાઈ બક્ષીના પુત્ર જટાયુ નું સગપણ જુનાગઢ સ્થિત હર્ષિત ધ્રુવકુમાર જોષીપુરાના પુત્રી નૈયા સાથે.

➲ – જામનગર સ્થિત ધવન દેવેન્દ્રરાય ધોળકિયાનું સગપણ કિન્નરી ચંપકલાલ ભટ્ટ સાથે.

## ગ્રાહક અદાલત

ભ્રષ્ટ વેપારી પર આફત
એટલે ગ્રાહકોની અદાલત
જયાંચર્ચાય ગ્રાહકોની બાબત
ને દેખાય ગ્રાહકોની તાકત
જયાંખુલ્લી પડે વેપારીની દાનત
ને બગડે તેની હાલત
જિલ્લો-રાજય કે પૂરું ભારત
બધેય છે ગ્રાહક અદાલત
ગ્રાહકને માટે સવલત, વેપારીને માટે ગફલત
ભ્રષ્ટાચાર સામે નોબત, તે જ છે ગ્રાહક અદાલત
વેપારીઓની હોય હરકત કે કનડગત
તેને તોડે ગ્રાહક અદાલત
ચુકાદો આપે તરત
જેમાં ગ્રાહકને થાય બરકત
તેવી અનોખી આ અદાલત
જેની અદા એવી અજોડ
કે વેપારીની છોડાવે લત.

- ડો. રાજેન્દ્ર કે. હાથી (રાજન)

(નોંધ : રાજેન્દ્રભાઈ ગ્રાહક સુરક્ષા મંડળના સભ્ય છે)

## ❖ મંગલ મેરેજ બ્યુરો ❖

*HAPPY NEW YEAR TO ALL*

We are ready For Prompt Service

**નવા વર્ષમાં e mail અને WhatsApp ની સુવિધાથી આપના બાયોડેટા મોકલી નામ રજીસ્ટર કરાવો...**

Dec.14 movement - Jan.15 Action

**અભિનંદન –**

**સૌમીલ વસાવડા–ખેવના ધોળકિયા**

e mail - mamtadhebar@yahoo.in

M. 090660 93321

**જોઇએ છે :**

**સંસ્કારી,સુશિક્ષીત યુવકને યોગ્ય કન્યા**

**નામ :** રચિત મુકેશભાઇ ધોળકિયા

**જન્મ :** ૧૯/૬/૧૯૮૬

**ઉંચાઇ :** ૫'.૮"

**વજન :** ૫૫ કેજી

**અભ્યાસ :** M.Com.,CFA., CAIIB

**વ્યવસાય :** Axis બેંકની નોકરી મુકી H.D.F.C બેંકમાં ઉચ્ચ હોદ્દા પર સારા પગારથી અમદાવાદ ખાતે જોડાયેલ છે.

**સંપર્ક :** ૦૭૯–૨૬૬૩૪૧૧૩

# શ્રીકૃષ્ણ - ક્રાંન્તિકારી યુગપુરૂષ



Old order changeth, yielding place to new
(And) God fulfills Himself in many ways
(Last) one good custom, should corrupt the world.
- Tennyson

ટેનીસને ઉપરના શબ્દોમાં જણાવ્યું છે કે જૂનો કાળ, જૂની વ્યવસ્થા સતત બદલાય છે. તેને સ્થાને નવી વ્યવસ્થા આવે છે. યુગે યુગે સામાજિક નિયમો, ધર્મો અને મૂલ્યો બદલાય છે. આ બદલાવ જ જીવન છે. આવી ઘણી વખત કચ્ચરઘાણ થતા ફેરફારોવાળી ક્રાન્તિઓ એટલા માટે થાય છે કે સત્ય સતત પ્રગતિશીલ છે, તે બંધીયાર રહે તો સડી જાય. તેથી પ્રભુ પોતાને અનેક પ્રકારે અભિવ્યકત કરે છે. અનેક લીલા કરે છે. જેથી ભૂતકાળની કોઈ સારી વ્યવસ્થા પણ નવા જીવનમાં સડો ન પેદા કરે. નાના મોટા આપણે સૌ એ પરિવર્તન સહજ ભાવથી પ્રભુની એક વ્યવસ્થા તરીકે સ્વીકારવાનું છે. આ સ્વીકૃતિ ઘણા વડીલ વર્ગને ખૂંચે છે. તેમનું પૂરાણુ માનસ તેમાં સંસ્કૃતિનો સત્યાનાશ માને છે. પરંતુ સાવ તેવું નથી. અલબત્ત દરેક જ્ઞાતિના કેટલાક પાયાના મૂલ્યો હોય છે, તેને યુવાપેઢીએ પણ રક્ષવા જોઈએ. ભારતીય સંસ્કૃતિના વેદોથી શરૂ થયેલા કેટલાય મૂલ્યો આજે દશ હજાર વર્ષથી સચવાયા છે. તેમને આપણા મહાપુરૂષો અને ચિરંજીવ ગ્રંથોએ પણ અનુમોદન આપી દીધેલાં છે. ગીતા જેવા પ્રાચીન ગણાતા ગ્રંથે પણ કાળ પ્રમાણે જગતનો ત્યાગ કરી સાધુ બનનાર સન્યાસીને બદલે સંસારમાં રહી પોતાને પ્રભુ પ્રાપ્ત કર્તવ્યો કરી અનાસકિત ભકિત, કર્મ, જ્ઞાન વાળી આધ્યાત્મિકતા પર યથોચિત ભાર મૂકેલ છે. તેથી તો જગતના તમામ મહાપુરૂષોએ અને ધર્મોએ ગીતાના ઉપદેશને આધુનિક સમાજ માટે સાંપ્રત માન્યો છે. આ બાબતમાં શ્રીકૃષ્ણ તો આપણને ક્રાંતિકારી સમાજ સુધારક જ લાગે.તેઓની ત્યાગ અને વૈરાગ્યના ધર્મને પુસ્ટ કરતા હોત તો તેમણે અર્જુનને એવી જ સલાહ આપી હોત કે આ યુદ્ધ વિ. છોડ, સન્યાસ લઈ જીવનમાં મોક્ષ પ્રાપ્ત કર. પરંતુ તેમ થાય તો આસૂરી બળોનો દૈવી બળો પર વિજય થાય અને પછી તો એ આસુરી બળો સમાજને ખાડામાંજ નાખે. તેથી તેઓ અર્જુનની ફિલસૂફી ભરી વાતોને મિથ્યા'પ્રજ્ઞાવાદ' ગણી વાળી ચોળીને ફેંકી દે છે, અને સગાઓને પણ મારવાં પડે તો મારી વિજયી થવા તેને પ્રાત્સાહિત કરે છે. તે સાથે ગીતાનો ગૃહસ્થો માટે પ્રાચીન યજ્ઞનો અર્થ બદલી નાખી ફળની કામના રહિત અનાસકતભાવે બધાં કર્મો કરવાનું કહે છે તે જ સાચો યજ્ઞ. તેઓ તો પ્રાપ્ત કર્મને ભગવત્પ્રીત્યર્થે કરી ચિત્તશુધ્ધિ અને પ્રભુ પ્રાપ્તિનું મહાન સાધન બતાવે છે. સાથે સાથે માત્ર ક્રિયાકાંડો છોડી સત્ચિંતન, સત્સંગ, ભકિત અને ભગવતશરણ જેવા સફળ સાધનો, આજના માણસના હાથમાં મુકે છે.

શ્રી અરવિંદ કૃષ્ણનો અને ગીતાનો ખૂબ આદર કરે છે કેમકે તેમણે પોતે શ્રીકૃષ્ણએ પ્રબોધેલ માર્ગની સાધના કરેલી અને 'વાસુદેવઃ સર્વમ્' નો નકકર સાક્ષાત્કાર કરેલો. તેમણે એક પ્રસંગે બહુ મનનીય

નિવેદન કર્યુ છે. તેનો અર્થ એ છે કે જગતના ઈતિહાસમાં ચાર મહાન ઘટનાઓ બનેલી છે. જેણે જીવનને સમૂળગુ બદલી નાખ્યું છે. ઈતિહાસકારોએ તેનું મૂલ્ય આંકયુ નથી. પરંતુ આ ચારમાંની તે ઘટનાઓ શ્રી અરવિંદ કહે છે કે શ્રી કૃષ્ણને લગતી છે. એક શ્રીકૃષ્ણનો મથુરામાં જન્મ અને તુરત વૃંદાવનમાં દેશનિકાલ. તે માટેના તત્કાલિન કારણો છે. પરંતુ કૃષ્ણે વૃંદાવનમાં બાળ વયે અને યુવા વયે જે લીલાઓ કરી, તેનાથી સૌપ્રથમ આ દેશમાં મહાન ભકિતમાર્ગનો ઉદય થયો.(તે પહેલા તો કર્મકાંડ, તપ અને સન્યાસ જ હતા) શ્રીકૃષ્ણના રસમધુરજીવને ઉત્તર દક્ષિણ એમ સમગ્ર દેશના સંત કવિઓને પ્રભુ ભકિતના પ્રેમથી છલકાતા ભકિતગીતો લખવા પ્રેર્યા. જેમ કે માત્ર પ્રાચીન ભકત કવિઓની વાત કરીએ તો સૂરદાસ, રસખાન અને મીરાં ઘર આંગણે ગુજરાતની વાત કરીએ તો નરસિંહ મહેતા, દયારામ, પ્રેમાનંદ અને આધુનિકો માંતો અનેક હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, રાજેન્દ્ર શાહ, બાલમુકુંદ દવે, મકરંદ દવે, ઉમાશંકર જોષી, સુન્દરમ, વિનોદ જોશી,( રમેશ પારેખ,કૃષ્ણ દવે,હિતેન આનંદપરા) અને બીજા ઘણા નવોદિતો. વળી કૃષ્ણના પ્રેમલક્ષણા ભકિત માર્ગે કેટલાક સંપ્રદાયોને પ્રેરણા આપી જેમકે પુષ્ટિ માર્ગીય સંપ્રદાય, ચૈતન્ય-મહાપ્રભુ પ્રકારની ભકિત, સંગીત માંતો કૃષ્ણનું કામણ અનેકના હૃદયને સ્પર્શી ગયું. તેનાથી હવેલી સંગીતની તથા 'રાસ'ની પરંપરા શરૂ થઈ, જેનો પ્રભાવ હજુ પણ છે. શ્રી અરવિંદે જગતના ઈતિહાસની ચોથી મહત્વની ઘટનામાં કુરુક્ષેત્રની રણભૂમિ પર શ્રીકૃષ્ણએ અર્જુનને આપેલો બોધ ગણાવ્યો છે. આગળ જણાવ્યું તેમ શ્રીકૃષ્ણે ગીતા આપીને સમગ્ર જગતના અભિપ્સુ આત્માઓને માટે ભગવત્પ્રાપ્તિના દ્વાર ખોલી આપ્યાં છે. અંતમાં શ્રી અરવિંદ લખે છે કે ગીતાનો સંદેશ હજુ દેશ પ્રદેશમાં હજુ વધુ પ્રસરશે અને જગતને બદલશે. ગીતા એ કોઈ એક ધર્મનો ગ્રંથ નથી. વળી તેમાં આ જીવનનાં બધાં કર્મો કરતા રહી, ગૃહસ્થી કેવી સરળ રીતે પ્રભુ પ્રાપ્તિ કરી શકે તેનો સુમધૂર ઉપદેશ સ્પષ્ટવાણીમાં અપાયો છે. તેથી પશ્ચિમના લોકોના પણ તે સહેલાઈથી માન અને આદર પ્રાપ્ત કરે છે.

-પ્રવીણભાઈ વૈષ્ણવ(અમદાવાદ) મો. ૯૪૨૮૭૦૦૯૬૧

---

## વિચાર - કણિકા

- ☆ કોઈપણ ડગલું આગળ માંડતા જે લોકો વિચાર જ કર્યા કરે છે, તેઓ એક પગ કાયમ અધ્ધર જ રહે છે.
- ☆ કોઈએ પણ જિંદગીને એટલી હદે વ્યસ્ત ન બનાવવી જોઈએ કે એ પોતે પોતાનાથી જ દૂર થઈ જાય.
- ☆ મારી દોસ્તી જો મને જ ગમતી ન હોય તો બીજાનો શો દોષ કાઢવો?
- ☆ કેટલાક લોકો પોતે બહુ કામઢા છે એ દેખાડવા અગ્નિ શામક બંબાની જેમ દોડયા કરતા હોય છે.
- ☆ જે દિવસે આત્મ સન્માન ગીરવે મુકાઈ જાય તે દિવસ પછી ગિરવે મુકવા જેવું કંઈ જ બચતુંનથી.
- ☆ આપણી સંવેદનશીલતા જ આપણી મનુષ્ય હોવાની સાબિતી છે.
- ☆ પોઝીટીવ થીંકીંગ એ વાંચવાનો નહીં, આચરણમાં મુકવાનો વિષય છે.
- ☆ બે લગામ ઈચ્છાઓ એટલે મનુષ્ય ઉપર સવાર થયેલો ઘોડો.

- જયશ્રી પરેશ વોરા, રાજકોટ. ૨૪૫૮૭૨૮

# મનની સ્વસ્થતા

મન રે- તુ કાહે ના ધીર ધરે...આયુર્વેદ એક જ એવી ચિકિત્સા પધ્ધતિ છે જેણે તનના સ્વાસ્થ્ય જેટલુંજ મનના સ્વાસ્થ્યને માન આપ્યું છે. તન અને મનનો અવિનાભાવી પૂરક સંબંધ છે જ. મનની સ્વસ્થતા ન હોય અને તન એકલુંજ સ્વસ્થ હોય તો તે અધુરું સ્વાસ્થ્ય કહેવાય. સ્વસ્થ એટલે શું? 'સ્વ તિષ્ઠતિ ઈતિ સ્વસ્થઃ ' અર્થાત જે પોતાનામાં સ્થિર થઈ શકે છે તે જ સ્વસ્થ છે. વ્યકિતના શુભ-અશુભ વિચારોની તેના તન-મન બંન્ને પર અસર પડે છે. આ માટે જ જરૂરી છે સ્થિતપ્રજ્ઞતાની, બેલેન્સ ઓફ માઈન્ડની, મનને ફ્રેશ કરો...નરસિંહ મહેતા, સોક્રેટીસ, સંત તુકારામ, દયાનંદ સરસ્વતી, વલ્લભભાઈ પટેલ, મહાત્મા ગાંધી, ભકતકવિ મીરાંબાઈ, ભકત પ્રહલાદ, સંત જ્ઞાનેશ્વર વગેરે વિભૂતિઓ સ્થિતપ્રજ્ઞતાના અપ્રતિમ ઉદાહરણો છે. વિકટમાં વિકટ પરિસ્થિતિમાં પણ તેઓ પોતાનો મિજાજ ગુમાવતા નથી. ધીર-ગંભીર તથા સલુકાઈથી તેઓ સમસ્યાને ઉકેલતા...

આયુર્વેદે પેશાબ, છીંક, બગાસુ, ભૂખ, તરસ જેવા ૧૪ વેગો રોકવાની મનાઈ કરેલી છે જે રોકવાથી ભયાનક તથા અસાધ્ય રોગો જન્મે છે, તેવી જ રીતે ૧૪ માનસિક વેગો-ક્રોધ, શોક, ચિંતા, ભય, ઈર્ષ્યા વ. અવશ્ય રોકવાનું કહયું છે. જે ન રોકો તો પણ ભયાનક રોગો થાય છે. અશુભ વિચારો કે માનસિક વેગો ન રોકો તો શું થાય છે તેને કોઠા રૂપે જોઈએ.

દુષ્પરિણામ :

(૧) ક્રોધ-ગુસ્સો-કોપ-રીસ : લોહી ગરમ, ઝેરી બને, લોહી, મગજ, પિતાશય તથા સમગ્ર શરીરમાં ગરમી-ગરમીના દર્દો ,બેચેની-અજંપો- પેટ, આંતરડાના ચાંદા, અલ્સર

(૨) ચિંતા-ઉદ્‌વેગ : નિર્બળતા, લોહીની ઘટ્ટતા, રકતકણોનો નાશ, અપચો,ઝાડા, કબજીયાત, નપુંસકતા, લોહીનું નીચું દબાણ, હ્રદયરોગ, વાળ ખરવા, સફેદ થવા,

(૩) લાગણી-અતિરેક : નાડીતંત્રની નબળાઈ-અંગઘાત-પક્ષઘાત

(૪) લોભ : અપચો, ઝાડા

(૫) સ્વાર્થ : કબજીયાત,મંદાગ્નિ, જિર્ણ તાવ,

(૬) વાસના-કામુકતા : દમ, ત્વચાના રોગો, મૂત્રાશયના રોગો

(૭) ઘૃણા-તિરસ્કાર-રોષ : માનસિક નબળાઈ, સ્મૃતિ દોષ, લકવા, સંધિવા,સફેદ કોઢ

(૮) અવિશ્વાસ-શંકા : લોહી પાતળું થવું, લોહીની ઉણપ,રકતસ્ત્રાવ, માનસિક નબળાઈ

(૯) બેદરકારી-ઉપેક્ષા-અવગણના : અકસ્માત,નુકશાનનો ભોગ

(૧૦) નિરાશા : ઉત્સાહભંગ, નિષ્ક્રીયતા, નિષ્ફળતા, મંદપાચન

(૧૧) અસંતોષ : -વધુ ચિંતા,માનસિક અશાંતિ, ઉધ્ધતાઈ વધારે- આયુષ્ય-આરોગ્ય ઘટાડે,

(૧૨) ભયઃ શૂન્યમનસ્ક, મૂર્છા, ચહેરો કાળો પડવો, ગાંડપણ, સ્મૃતિભ્રંશ, મૃત્યુ,

...માટે જ કહેવાયું- મન રે....તૂ કાહેના ધીર ધરે.

- ડો. રાજેન્દ્ર કે હાથી (એમ.ડી.,આયુ.)વડોદરા

## શું તમે જાણો છો ?

૧ પાસામાં સામસામી બાજુનો સરવાળો ૭(સાત) થાય છે.
૨ પતંગીયા BUTTERFLY નું મૂળ નામ BUTTERBY હતું.
૩ ચિત્તો સિંહની જેમ ગર્જના નથી કરતો બિલાડી જેમ બોલે છે.
૪ કોઈપણ બે ઝિબ્રાના પટ્ટા એક સરખા નથી હોતા.
૫ ચિમ્પાન્ઝી અરીસામાં જોઈ શીખી શકે છે, વાંદરા નહી.
૬ ઉંદર પાણી વિના ઊંટ કરતાં વધુ સમય જીવી શકે છે.
૭ દુનિયાના ૧૦% માણસો ડાબેરી છે.
૮ લકકડખોદ પક્ષી સેકંડમાં વીસ વખત ખોદી શકે છે.
૯ ઝીબ્રાને સફેદ શરીર પર કાળી પટ્ટી હોય છે.
૧૦ હિપોપોટેમસ પાણીમાં જન્મ આપે છે.
૧૧ ગાય જીવન દરમ્યાન બે લાખ ગ્લાસ દૂધ આપે છે.
૧૨ દુનિયાનુંમોટું સસ્તન પ્રાણી બ્લ્યુ વ્હેલ જન્મ સમયે ૫૦ ટન વજનનું હોય છે.
૧૩ ડોલ્ફીન એક આંખ ઉઘાડીને નીંદર કરે છે.
૧૪ બ્લ્યુ વ્હેલની સીટીનો અવાજ સૌ પ્રાણીમાં વધારે ૧૮૮ ડેસીબલ છે.
૧૫ બિલાડી રાત્રે મનુષ્ય કરતાં છ ગણુ વધારે જોઈ શકે છે.
૧૬ સિંહણ સિંહ કરતાં ૯૦% વધુ શિકારે જાય છે.
૧૭ જેલી ફીશમાં ૯૫% પાણી હોય છે.
૧૮ પાંડા જન્મ સમયે ઉંદરથી નાના ચાર ઔંસ વજનના હોય છે.
૧૯ મનુષ્યની આંખ વર્ષમાં૧ કરોડ વાર ફફડે છે.
૨૦ સૂર્ય પૃથ્વી કરતાં ૩,૩૦,૩૩૦ ગણો મોટો છે.
૨૧ મગર પોતાની જીભ બહાર ફેરવી નથી શકતો.
૨૨ શાહમૃગની આંખ તેના મગજ કરતાં નાની હોય છે.
૨૩ જિરાફ તેની લાંબી જીભથી કામ સાફ કરી શકે છે.
૨૪ સામાન્ય માણસ દુનિયાની બે પ્રદક્ષિણા જેટલું ચાલે છે.
૨૫ ૧૮૧૧માં પહેલી સાઈકલ બગી–જેને પેડલ ન હતાં.
૨૬ માનવ શરીરમાં ૨૦૬ હાડકા છે અડધાથી વધારે હાથ પગમાં સપોર્ટલ છે.
૨૭ બ્લ્યુ વ્હેલનું હૃદય બિલાડી જેવડું જીભ હાથી જેવડી છે.
૨૮ વાયુથી શરીરનું અડધું વજન સમાયેલ છે. માનવ શરીરમાં ૯૦% પાણીનું વજન છે.
૨૯ માનવ શરીરની ચામડીનું વજન અઢી કિલો થાય છે.

– ડો. જે.પી.વોરા, બેંગલોર

## ☆ વિચાર કણિકા :

☆ દુનિયા મારી વાત સાંભળતી નથી, કંઈ વાંધો નહીં આપણે પોતે આપણને સાંભળીએ છીએ ખરા?

☆ હું કરી શકું છું એ તમામ કાર્યો બીજાને પણ આવડવાં જોઈએ, આવું કહેતા લોકો આડંબરી છે.

☆ નામ માટે હું કામ કરતો નથી આવું કહેનારાઓ સાથે કામ ન કરવું.

☆ જીવનમાં અશકય કશુંજ નથી એ માત્ર ખોટી મધલાળ છે.

☆ બે મોઢાવાળા સાપ કરતાં પણ બે મોઢ (વાળા માણસો વધારે જોખમી હોય છે.

☆ ગૌરવ અને ગર્વ વચ્ચે બહુ જ પાતળી સરહદરેખા હોય છે.

☆ મૌનનો મહિમા સમજાવવા માટે પણ આશરો તો વાણીનો જ લેવો પડે છે.

☆ મારી બે કમનસીબી છે. એક હુંમને કમનસીબ અને બીજા બધાને સદનસીબ માનું છું.

☆ જે ઓ દરેક કાર્ય અન્યની સલાહો માગીને કરે છે તે કયારેય પોતાની મંઝીલે પહોંચી શકતી નથી.

☆ એકલતા એવા લોકોને જ સાલે છે જેઓ એકાંત માણી શકતા નથી.

☆ કોઈપણ સંજોગોમાં વિચલિત કે ચલિત ન થવું એટલે જ સ્થિતપ્રજ્ઞતા.

– જયશ્રી વોરા, રાજકોટ



# MOOC ઓન લાઈન નિઃશુલ્ક અથવા નજીવી ફી સાથેના અભ્યાસક્રમો વિશ્વસ્તરનું શિક્ષણ ઘર આંગણે મેળવો

- ડો. યોગેશભાઈ પ્ર. હાથી, અમદાવાદ

આપ જો પોતાના ગમતા વિષયોમાં અભ્યાસ ન કરી શકયા હોય તો વિશ્વસ્તરનાં વિશ્વ વિદ્યાલયો દ્વારા નિઃશુલ્ક અથવા નજીવી ફી ભરીને આપ આપના ગમતા વિષયમાં આગળ વધી શકો છો. આપણા સમય પ્રમાણે તથા આપણી સગવડ સાથે વિશ્વસ્તરના અભ્યાસક્રમોમાં જોડાઈ શકો છો.

જે વ્યકિત અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છુક હોય તેની પાસે ઈન્ટરનેટની સુવિધા હોવી જરૂરી છે. હવે તો સાઈબર કાફેની પણ સગવડ મળે છે.

MOOC ની પ્રમુખ સંસ્થાઓ જેમાં-

1 Coirsera.org - સ્ટેન ફર્ડ, પ્રિન્સટન, મિશીગન તથા પેન્સિલવેનિયા જેવા વિશ્વપ્રસિધ્ધ વિશ્વવિદ્યાલયો જોડાયા છે. તથા ૧૮ વિષયોના ૧૯૭ અભ્યાસ ક્રમ ઓફર કરે છે.

2 Udacity.com - હાલમાં આ સંસ્થા ૧૮ ઓનલાઈન અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ સામાન્ય વિજ્ઞાન ગણિત તથા એન્ત્રોપ્રન્યોરશિપ ઉપર આપી રહી છે અને વિનામૂલ્યે પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે.

3 Udemy.com ભણવા તથા ભણાવવામાં જેને રસ હોય તેવા લોકો માટે આ બહુ મજાની સંસ્થા છે. ૧૯૦ દેશોમાં ચાલતા તથા ૧૦ ભાષાઓમાં તૈયાર થએલ ૧૬૦૦૦ અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે.

4 edX .org - હાર્વડ તથા મેસેચુસેટસ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી)ની મદદ થી ૧૮૦ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યા છે. આવા અભ્યાસક્રમ તૈયાર કરવામાં ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટી તથા આઈઆઈટી મુંબઈનો પણ ફાળો છે.

5 p2pu.org.in - આમા ૫૦ જાતના અભ્યાસક્રમ Hewlette foundationની મદદ થી તૈયાર કરવામાં આવ્યા છે.

6 Khanacademy.org - મેલિન્ડા તથા બિલગેટસના સહકારથી ૩૬૦૦ વિડીયો લેસન તૈયાર મળે છે.

અંગ્રેજીના શિક્ષકો તથા પોતાની અંગ્રેજી સુધારવા જેની ઈચ્છા હોય તેમના માટે Coursera.com ઉપર Shaping the way we teach english પ્રોગ્રામ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં ૧૪ વિડીયો મોડયુલ હોય છે જે ઓરેગોન યુનિવર્સિટી એ તૈયાર કરી છે.

બીજો અભ્યાસક્રમ College writing 2X છે જે ed X માં મળશે જે યુનિવર્સિટી ઓફ કેલીફોર્નિયા એ તૈયાર કર્યો છે. અંગ્રેજીમાં લખવાના ની ફાવટ આવે તે માટે આ અભ્યાસક્રમ તૈયાર કરાયો છે જે નિઃશુલ્ક છે.

મુખ્ય ઓનલાઈન અભ્યાસક્રમ (નિઃશુલ્ક અથવા નજીવી ફી લઈને) આપનારી સંસ્થાઓઃ-

| સંસ્થા | નફા માટે કામ કરે છે? | સહુ માટે છે ? | પ્રમાણપત્ર માટે ફી છે ? | ક્રેડીટ મળે છે ? |
|---|---|---|---|---|
| ed X | ના | હા | હા | ના |
| Coursera | હા | હા | હા | અમુક |
| Udacity | હા | હા | હા | અમુક |
| Udemy | હા | ના | હા | અમુક |
| p2pu | ના | હા | ના | ના |

વધારે માહિતી તથા રજિસ્ટ્રેશન માટે :- eca.state.gov/programs-initivtives/mooc-camp

(સંદર્ભ- SPAN - જૂલાઈ-ઓગષ્ટ ૨૦૧૪)



# પરણે દિકરી વ્હાલી...

શરણાઈથી વિદાઈ સુધી...

Ahmedabad | Vadodara | Rajkot | Gandhidham

- Concept Wedding Planner
- DJ & Music
- Food & Catering
- Theme Decoration
- Mehndi
- Doli & Baggi
- Dance Group Artist
- LED Video Screen
- Photo & Video Shooting

RAJKOT : 96248 89707/BARODA : 98248 18080
KATCHH ZONE : 98245 14818 / SURAT : 9979894919

UNLIMITED SOURCE
Making Dream Wedding Comes True

**Unlimited Source**
www.unlimitedsource.in
Gayatri Nagar 2, Hasanwadi, "Shri Ramkrupa" Rajkot - Gujarat - India
Email: unlimitedsource2010@gmail.com, kssource@gmail.com

# ABM TRAVELS

**Honeymoon tours :**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Wildlife Tours :**
Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini
**Pilgrims :**
CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur
**Cruise tours :**
STAR cruise: MSC cruise Royal Caribbean : Coast a
**Booking of International destinations :**
SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI
**Avinash Mehta, Mumbai # 09820817318**
**abmtravels@gmail.com**

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫

KKB DISPATCHED ON 30th NOV.

**<u>If not delivered Pl. return to :</u>**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001.. **BOOK POST**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
**મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩**